# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 05-02-2025** **Evening : 7.10 to 7.20 pm**
**Day : Wednesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **મિતલ પટેલ** વાંચે છે.

---

1. અમેરિકામાં ગેરકાયદેસર રીતે રહેતા 33 ગુજરાતીઓ સહિત 104 ભારતીયોનું અમૃતસરમાં આગમન
2. રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં સમાન નાગરિક સંહિતા-UCC અંગે સમિતિની રચના પર ચર્ચા અને વિધાનસભાના અંદાજપત્ર સત્રની તૈયારીની સમીક્ષા કરાઈ
3. રાજ્યના શિક્ષણ વિભાગે સંસ્કૃત ભાષાને પ્રોત્સાહન આપવા માટે સુધારેલી સંસ્કૃત સાધના નીતિને મંજુરી આપી
4. ‘શ્રવણ તીર્થ દર્શન યોજના’નો અત્યાર સુધી રાજ્યનાં દોઢ લાખથી વધુ યાત્રાળુઓએ લાભ લીધો
5. આગામી 24 કલાક બાદ તાપમાન 2 થી 3 ડિગ્રી સેલ્સિયસ વધવાથી ઠંડીમાં ઘટાડો થવાની હવામાન વિભાગની આગાહી

-------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

## PUNJAB-INDIANS DEPORTED

અમેરિકામાં ગેરકાયદેસર રહેતા ૩૩ ગુજરાતી સહિતના ૧૦૪ ભારતીયોને લઈ અમેરિકન એરફોર્સનું C-17 વિમાન આજે બપોરે પંજાબના અમૃતસર પહોંચ્યુ હતું..

સૂત્રોના જણાવ્યા અનુસાર દેશનિકાલ કરાયેલા આ નાગરિકોમાં ૩૦ લોકો પંજાબના છે, જ્યારે બાકીના ચંદીગઢ, હરિયાણા, ગુજરાત, મહારાષ્ટ્ર અને ઉત્તર પ્રદેશના છે. અમૃતસર વહીવટીતંત્રે એરપોર્ટ અધિકારીઓ સાથે સંકલનમાં તમામ વ્યવસ્થા કરી છે. આ તમામ લોકોની ચકાસણી અને પૃષ્ઠભૂમિની પ્રક્રિયા ચાલી રહી છે. અમેરિકામાં ડોનાલ્ડ ટ્રમ્પના નવા શાસન પછી દેશનિકાલની આ પ્રથમ ઘટના છે.

પરત ફરેલા ગુજરાતીઓને આવતીકાલે અમૃતસર હવાઈમથકથી અમદાવાદ લાવવામાં આવે તેવી શક્યતા છે. આ અંગે અમદાવાદ પોલીસને એલર્ટ કરવામાં આવી છે. આ ગુજરાતીઓમાં અમદાવાદ, મહેસાણા, ગાંધીનગર, સુરત, વડોદરા, પાટણ જિલ્લાના નાગરિકો હોવાના અહેવાલ છે.

. . . . . . . . . . . . .

## CABINET-EVENING

ગાંધીનગરમાં આજે મંત્રીમંડળની બેઠક યોજાઈ હતી. ગાંધીનગરના અમારા પ્રતિનિધિ દુર્ગેશ મહેતા જણાવે છે કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં

મળેલી બેઠકમાં રાજ્ય સરકાર દ્વારા સમાન નાગરિક સંહિતા-UCC અંગે સમિતિની રચના અંગે અંગે મંત્રીમંડળને માહિતગાર કરવામાં આવ્યું હતું.

આ ઉપરાંત, વિધાનસભાના અંદાજપત્ર સત્રની તૈયારીની સમીક્ષા કરવામાં આવી હતી. આ ઉપરાંત, સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે પ્રભારી મંત્રીઓને સોંપાયેલી જવાબદારી અને સ્થાનિક સ્થિતિ પર રાજકીય ચર્ચા થઈ હતી.

બેઠક બાદ કૃષિ મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું કે, સરકારે સાડા ત્રણ લાખ ખેડૂતો પાસેથી ટેકાના ભાવે મગફળી ખરીદી છે.

નવી દિલ્હી ખાતે પ્રજાસત્તાક પર્વની પરેડમાં ગુજરાતનાં ટેબ્લોને મળેલી ટ્રોફી કેબિનેટમાં રજૂ કરવામાં આવી હતી.

. . . . . . . . . . . .

# Mahanagapalika Cricket

ગાંધીનગર મહાનગરપાલિકાએ રાજ્યની તમામ મહાનગર પાલિકાઓ માટે ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કર્યું છે. ગાંધીનગર જિલ્લાના પાલજ આઇઆઇટી ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે આજે ટોસ ઉછાળીને આ ટુર્નામેન્ટનો પ્રારંભ કરાવ્યો હતો.

9 ફેબ્રુઆરી સુધી રમાનારી આ ટુર્નામેન્ટમાં 6 મહાનગરપાલિકાના મેયર તથા 8 કોર્પોરેશન કમિશનરો સહિત કુલ 14 ટીમો ભાગ લઈ રહી છે. મહાનગર પાલિકોઓની મનપાની મહિલા પદાધિકારીઓ માટે પણ ખાસ બોક્સ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે.

. . . . . . . . . . . . .

# SANSKRUT SADHANA

રાજ્યના શિક્ષણ વિભાગે નવી સુધારેલી નીતિ સંસ્કૃત સાધનાને મંજુરી આપી છે. શિક્ષણ વિભાગે સંસ્કૃત ભાષામાં રસ ધરાવતાં વિદ્યાર્થીઓને સંસ્કૃત માધ્યમ, ઉત્તમ પ્રકારના અભ્યાસની સુવિધા ઉપલબ્ધ કરાવવા, તેમજ હાલની સંસ્કૃત શાળાઓને શૈક્ષણિક તેમજ ભૌતિક સાધનોથી સુસજ્જ બને એ માટે આ નીતિને મંજુરી આપી છે.

રાજ્યની સરકારી અને બિનસરકારી અનુદિત સંસ્કૃત શાળાઓમાં ખાલી પડેલી પ્રધાનાચાર્ય અને અધ્યાપકની જગ્યાઓ ભરવા માટે કેન્દ્રીયકૃત રાજ્યકક્ષાની પસંદગી સમિતિ દ્વારા ઉમેદવારની પસંદગી કરાશે. તેમજ આ શાળાઓના ગ્રંથાલયને સંવર્ધિત કરવા માટે તેમજ પ્રાચીન અને હસ્તલિખિત ગ્રંથોની જાળવણી તેમજ તેમાં ડિજીટાઇઝેશન માટે પ્રતિ વર્ષ 25 હજાર રૂપિયા અને 150 થી વધુ વિદ્યાર્થી સંખ્યા માટે 40 હજાર રૂપિયા વાર્ષિક ગ્રાન્ટ સહાય આપવામાં આવશે.

ધોરણ 8 માંથી પાસ થયેલ વિદ્યાર્થી ધોરણ 9 માટે પ્રથમા-1 અને ધોરણ 10 માંથી પાસ થયેલ વિદ્યાર્થી ધોરણ-11 મધ્યમા કક્ષા-1, તેમજ ધોરણ 12માંથી પાસ થયેલ વિદ્યાર્થી શાસ્ત્રી-1 અથવા તેને સમકક્ષ પરીક્ષા સંસ્કૃત વિષય સાથે પાસ વિદ્યાર્થી પ્રવેશપાત્ર રહેશે.

. . . . . . . . . . . . .

# RAJKOT CIVIL FACILITY

રાજકોટની સિવિલ હોસ્પિટલમાં 16 કરોડ રૂપિયાનાં ખર્ચે લેસર સહિતની સુવિધાથી સજ્જ બર્ન્સ અને ક્રિટિકલ કેર સેન્ટર બનાવવાની યોજના છે.

સિવિલ હોસ્પિટલના અધિક્ષક દ્વારા સંબંધિત એજન્સીઓ સાથે મળીને આ માટેની કામગીરી ચાલી રહી છે. ગ્રાઉન્ડ ફ્લોર અને ત્રણ માળની આ સૂચિત સુવિધા માટે જિલ્લા કલેક્ટર દ્વારા જીટી શેઠ હોસ્પિટલ નજીક જગ્યા ફાળવવામાં આવી છે.

યોજના અંગે સિવિલ અધિક્ષક ડોક્ટર મોનાલી માકડીયાએ વધુ માહિતી આપી.

(BYTE DR. MONALI MAKADIYA)

. . . . . . . . . . .

# Shishu Mapan APP Daman

કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ, દીવમાં શિશુ માપન મોબાઇલ એપ દ્વારા આરોગ્ય સેવાઓ વધુ અસરકારક બની છે. ભારતમાં સૌ પ્રથમ વાર આ એપ કેન્દ્રશાસિત પ્રદેશમાં શરૂ કરવામાં આવી છે, એપને કારણે આશા વર્કરો હવે વધુ સરળતાથી બાળકના આરોગ્ય પર નજર રાખી શકે છે.

આ એપ દ્વારા આઠ મહિના દરમ્યાન 400 આશા વર્કરો દ્વારા ચાર હજારથી વધુ બાળકોનાં આરોગ્ય નિરીક્ષણ થયું છે.

આ એપ વિક્સાવનાર વધવાની AIના ડોક્ટર અશોક જયભાયેએ વધુ માહિતી આપીઃ

**(BYTE DR. ASHOK JAYBHAYA)**

. . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

....................................

# SHRAVANTIRTH DARSHAN YOJNA

રાજ્ય સરકારની **શ્રવણ તીર્થ દર્શન યોજના'નો અત્યાર સુધીમાં દોઢ લાખ કરતા વધુ યાત્રાળુઓએ લાભ લીધો છે. પ્રસ્તુત છે એક અહેવાલ**

**(VOICE CAST ANIL PATEL)**

*(૬૦ વર્ષ કે તેથી વધુ ઉંમરના વરિષ્ઠ નાગરીકો રાજ્યનાં યાત્રાધામોનાં સરળતાથી દર્શન કરી શકે તે માટે વર્ષ 2017થી "શ્રવણ તીર્થ દર્શન યોજના" ચાલી રહી છે. અત્યાર સુધીમાં દોઢ લાખ કરતા વધુ યાત્રાળુઓએ તેનો લાભ લીધો છે.*

*આ યોજના પાછળ રાજ્ય સરકારે 11 કરોડ 28 લાખ રૂપિયાનો ખર્ચ કર્યો છે. યોજના અંતર્ગત ગુજરાતના યાત્રાધામોમાં ત્રણ રાત્રિ અને ત્રણ દિવસ અથવા બે હજાર કિલોમીટર સુધીનાં પ્રવાસની સુવિધા આપવામાં આવે છે.*

*યોજના વિશે વધુ માહિતી યાત્રાધામ વિકાસ બોર્ડની વેબસાઈટ* *yatradham.gujarat.gov.in* *પરથી મળી રહેશે.*

*અનિલ પટેલ આકાશવાણી સમાચાર, અમદાવાદ)*

. . . . . . . . . . . . . .

# Morbi - Demolition

મોરબીમાં આજે વિશેષ દબાણ હટાવ ઝુંબેશ અંતર્ગત લાલબાગ, નટરાજ, PGVCL વડી કચેરીથી વેજીટેબલ રોડ ઉપર વિશેષ ઝુંબેશનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં રસ્તાની બન્ને તરફ ગેરકાયદેસર દબાણ અને બાંધકામને દૂર કરાયા હતા.

મોરબી કોર્પોરેશનના કમિશનર સ્વપ્નિલ ખરેએ અનઅધિકૃત દબાણ કર્તાઓને પોતાની જાતે સ્વેચ્છાએ દબાણ દૂર કરવા અનુરોધ કર્યો હતો

(બાઈટ: સ્વપ્નિલ ખરે કમિશનર, મોરબી કોર્પોરેશન)

. . . . . . . . . . . .

## Weather Forecast

રાજ્યમાં આગામી 24 કલાક બાદ તાપમાનમાં વધારો થતા ઠંડીનું જોર ઘટવાની  હવામાન વિભાગે આગાહી કરી છે.

છેલ્લા કેટલાક સમયથી તાપમાનમાં ઉતાર ચડાવથી રાજ્યમાં  વાતાવરણ અસ્થિર બન્યું છે હવામાન વિભાગના ડાયરેકટર ડૉ. એ. કે. દાસ ના જણાવ્યા મુજબ આગામી 24 કલાક બાદ તાપમાનમાં વધારો થશે જેથી ઠંડીથી રાહત મળશે.

(બાઇટ - એ. કે. દાસ હવામાન વિભાગના ડાયરેકટર)

આ ઉપરાંત, રાજ્યના અનેક જિલ્લાઓનું લઘુત્તમ તાપમાન 11 ડિગ્રી સેલ્સ કરતા ઓછું નોંધાયું હતું. જેમાં ડીસા અને ગાંધીનગરમાં અનુક્રમે 10.9 અને 10.5 ડિગ્રી તાપમાન નોંધાયું હતું. આ ઉપરાંત અન્ય ત્રણ મહાનગરોમાં પણ લઘુતમ તાપમાનમાં ઘટાડો નોંધાયો હતો. જેમાં વડોદરામાં છેલ્લા 24 કલાક દરમિયાન 12.2 ડિગ્રી સેલ્સિયસ લઘુત્તમ તાપમાન, રાજકોટમાં 13.4 ડિગ્રી સેલ્સિયસ અને સુરતમાં 17.2 ડિગ્રી સેલ્સિયસ લઘુતમ તાપમાન નોંધાયું હતું.

. . . . . . . . . . . . .

## SUZUKI BIOGAS PLANT

જાપાનની સુઝુકી કંપનીનાં સહયોગથી દૂધસાગર ડેરી દ્વારા માણસા તાલુકામાં 300 બાયોગેસ પ્લાન્ટ શરૂ કરવામાં આવશે. સુઝુકી કંપનીના વડા તોયોકુક સાન અને નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ-NDDBના અધિકારીઓએ મહેસાણાની દૂધસાગર ડેરીનાં અધિકારીઓ  સાથે બેઠક યોજી હતી. ખેડૂતો બળતણ અને ખાતર માટે આત્મનિર્ભર બને તે માટે આ પ્લાન્ટ શરૂ કરવામાં આવશે.

. . . . . . . . . . . . . .